ક્રિ. કે. નં. ૩૦૭૬ /૨૦૧૨
આંક ૧ હેઠળ હુકમ.

(૧) વિ. એ. પી. પી. શ્રીએ હાલની અરજી ક્રિ. પ્રો. કો. કલમ ૩૨૧ મુજબ આપેલ છે. આ કેસમા આરોપી ઘણાં સમયથી મળી આવતા નથી તેવા શેરા સાથે પરત આવેલ છે.

(૨) આરોપી વિરુધ્ધ કેસની હકીકત અને સજાની જોગવાઈ અને સરકારશ્રીનું નોટિફીકેશન અત્રેની અદાલતના જાવક નં.૧૨૫/૨૦૧૯ તા. ૨૨/૨/૨૦૧૯ થી કલેકટરશ્રીના લીસ્ટ ધ્વારા કુલ ૪૩ કેસો મોકલવામા આવેલ જેના પર વિ. એ. પી. પી. શ્રીએ શેરો પણ કરી આપેલ છે જે શેરાને ધ્યાનમા લઈને કલેકટર કચેરીએ તેમના જાવક નં. ડીસી/સીટીઝેડ/મેટ્રો કોર્ટ/લોક અદાલત/ડોરમેન્ટ કેસ પરત/૧/૨૦૧૯ તા. ૭/૩/૨૦૧૯ થી આ કેસો પરત ખેંચવા વિ. એ. પી. પી. શ્રીને પરવાનગી આપેલ છે.

(૩) વિ. એ. પી. પી. શ્રીની અરજી અને મે. કલેકટરશ્રીનો ઉપરોકત પત્ર ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**–: હુ ક મ :–**

સદર કેસ ક્રિ. પ્રો. કોડ કલમ ૩૨૧ મુજબ પરત ખેંચવાની પરવાનગી આપવામા આવે છે. આરોપીને ગુનામાંથી બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવીને જાહેર કર્યો.

અમદાવાદ.

તા. ૯/૩/૨૦૧૯.

( જે. બી. ઘાસુરા. )
એડીશનલ ચીફ મેટ્રોપોલીન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૫, અમદાવાદ.
જીજે૦૦૧૦૨૮.

ફોજદારી કેસ નંબરઃ 30795/182

પોલીસ તપાસનાં ચાર્જશીટ આંક–૧ લગત હુકમ.

તમામ કેસ પેપર્સ તથા રજુઆત ધ્યાને લેતાં સદરહુ કેસમાં પુરતા પ્રયત્ન કરવા છતાં આરોપી કે સાક્ષી મળી આવતા નથી કે, મળી આવવાની સંભાવના નથી, આરોપીને શોધવા પુરતા પ્રયત્ન કરવા છતાં આરોપી મળી આવતા નથી અને કેસમાં હાલની કાર્યવાહી આરોપી તથા સાક્ષીઓ હાજર ન રહેવાના કારણે આગળ ચાલતી નથી તેથી ફરીયાદપક્ષ મારફતે આ કેસ આગળ ચાલતો ન હોઈ કે આગળ ચલાવવા માંગતા ન હોય તેવું સ્પષ્ટ જણાતું હોઈ, તથા સરકારશ્રીનાં પરિપત્ર મુજબ તથા ક્રિમીનલ મેન્યુઅલનાં નિયમ–૨૧૧ મુજબ સદરહુ કામ ડોરમેન્ટ ફાઈલે મુકવાનો હુકમ કરવામાં આવે છે. તથા આરોપી ભવિષ્યમાં મળી આવ્યે ફરીયાદપક્ષ મારફતે આ સબબની કાર્યવાહી ફરી થી ચાલુ કરવા અંગે સદરહુ હુકમથી કોઈ બાધિત થશે નહી.

હુકમ આજ રોજ તાઃ / /૨૦૧૮નાં રોજ જાહેર કર્યો.

તા.7/7/૨૦૧૮
સ્થળ:અમદાવાદ

(એચ.એસ.લાંગા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૫, અમદાવાદ.
કોડનં.જીજે.૦૧૦૦૦

Seen
18.7.18